# શહેરમાં ચેઈન સ્નેચર્સ પુનઃ સક્રિય

## પીળી ટીશર્ટ પહેરીને પલ્સર પર આવેલા શખ્સે સે. ૨૧માં બબ્બે મહિલાઓના દોરા તોડ્યા : પોલીસે નાકાબંધી કરી પણ ચેઈન સ્નેચર હાથ ન આવ્યો : સે. ૨૬માં એક મહિલાનો દોરો તોડી બાઈક પર આવેલો ચેઈન સ્નેચર કોલવડા તરફ ભાગી ગયો

ગાંધીનગર, તા. ૬

પાટનગરમાં માંડ ચેઈન સ્નેચર્સનો આતંક શાંત થયો હતો ત્યારે હવે ફરી ચેઈન સ્નેચર્સ સક્રિય થઈ જતા શહેરીજનોમાં ફફડાટ ફેલાઈ રહ્યો છે. છેલ્લા બે દિવસમાં સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં ચેઈન સ્નેચીંગના ત્રણ બનાવો બન્યા છે. રસ્તે જતી મહિલાને ટાર્ગેટ કરી બાઈક પર આવતા ચેઈન સ્નેચર્સ સોનાના દોરા ખેંચી ફરાર થઈ ગયા હતા. પોલીસને ઘટના અંગે જાણ થતા શહેરના તમામ એન્ટ્રી-એક્ઝીટ પોઈન્ટ ઉપર નાકાબંધી કરી દેવાઈ હતી પરંતુ ચેઈન સ્નેચર્સ હાથ આવ્યા નથી. આ મામલે સે. ૨૧ પોલીસમથકમાં ગુનો પણ નોંધાયો નથી.

શહેરમાં શુક્રવારે મોડી સાંજે અને શનિવારે મોડી સાંજે ચેઈન સ્નેચીંગના બનાવો સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં બન્યા હતા. શુક્રવારે મોડી સાંજે સે. ૨૧માં આંતરીક માર્ગ ઉપર એક જ બાઈકચાલકે બબ્બે મહિલાઓને થોડા થોડા અંતરમાં ટાર્ગેટ કરીને તેમના દોરા ખેંચ્યા હતા. કાળા રંગના નંબર પ્લેટ વગર પલ્સર બાઈક ઉપર પીળા રંગની ટીસર્ટ પહેરીને આવેલા આ શખ્સે ગણતરીની મીનીટોમાં સે. ૨૧માં બબ્બે ચેઈન સ્નેચીંગ કરી લીધા હતા. પોલીસ કંટ્રોલમાં આ મેસેજ થતા પોલીસે નાકાબંધી કરી સઘન વાહનચેકીંગ શરૂ કરી દઈ પલ્સરચાલકને પકડવા કવાયત શરૂ કરી હતી. પરંતુ આ શખ્સ પોલીસને હાથ લાગ્ય ન હતો. બીજે જ દિવસે ગઈકાલે સેક્ટર-૨૬માંથી એક મહિલાને ટાર્ગેટ કરી સોનાની ચેઈન ખેંચી બાઈક પર આવેલો ચેઈન સ્નેચર રફુચક્કર થઈ ગયો હતો. સોનાની ચેઈન ખેંચી ગઠીયો કોલવડા તરફ ભાગ્યો હતો. પોલીસે દોડધામ કરી પરંતુ તે પણ હાથમાં આવ્યો ન હતો. ત્રણમાંથી એક પણ ચેઈન સ્નેચીંગ પોલીસ ચોપડે નોંધાઈ નથી. જો કે એલસીબીની ટીમે માર્ગો પરના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી આ શખ્સો સુધી પહોંચવાની કડી મેળવવા કવાયત તેજ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારા જેવી જ અમારી હાલત છે... જેમ તમે પાણી માટે કિલોમીટર ફરીને નિરાશ થઈને આવો છો તેમ... અમે વિદેશ જઈને બધુ જોઈ આવીએ છીએ. પરંતુ કાંઈ થતું નથી...!!

# સંત સરોવરમાં ડુબી જતાં ત્રણ વર્ષની બાળકીનું મૃત્યુ

## વિરમગામ પાસેના એક ગામમાંથી પરિવાર અક્ષરધામમાં દર્શન કરવા આવ્યું હતું દર્શન કરી પરત ઘરે જતા પહેલા સંત સરોવર ન્હાવા ગયા ને કરૂણ ઘટના સર્જાઈ

ગાંધીનગર, તા.૬

વિરમગામ પાસેના ગામમાંથી એક પરિવાર ગાંધીનગર અક્ષરધામ મંદિરે દર્શન કરી ગઈ કાલે પરત ઘરે જતા પહેલા સંત સરોવર ખાતે ગયું હતું. પરિવારના સભ્યો ગઈ બપોરે સંત સરોવરમાં ન્હાવા પડયા એટલામાં ત્રણ વર્ષની ફુલસમી બાળકી ડુબી જતા સમગ્ર પંથકમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ જિલ્લાના વિરમગામના કુમરખાણ ગામમાં રહેતા પ્રવિણભાઈ પરમાર તેમના પરિવારને લઈને ગઈ કાલે ગાંધીનગર ખાતે અક્ષરધામમાં દર્શન કરવા આવ્યા હતા. અક્ષરધામમાં દર્શન કર્યા બાદ પ્રવિણભાઈ, તેમની પત્નિ લક્ષ્મીબેન, ત્રણ વર્ષની દિકરી ભૂમી અને પરિવારના સભ્યોને લઈને ઘર તરફ જવા નીકળ્યા એટલામાં તેમણે જાણ્યું કે સંત સરોવર પણ હોટ પીકનીક સ્પોટ છે જે નજીકમાં જ છે. એટલે પરિવારને લઈને તેઓ સંત સરોવર ગયા હતા. બપોરે પરિવારના સભ્યો સંત સરોવર જઈ પાણીમાં ન્હાવા પડયા હતા. થોડી વારમાં તેમની ત્રણ વર્ષની દિકરી ભૂમિ દેખાતી બંધ થઈ ગઈ. પાણીમાં ભૂમી ડુબી ગઈ હતી. આ ઘટનાથી સન્નાટો છવાઈ ગયો હતો. પરિવારની 'લાડલી'નું ડુબી જવાથી મૃત્યુ થઈ જતા સંત સરોવર ખાતે શરૂ થયેલા હૈયાફાટ રૂદનથી આ પંથકમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી આટોપી હતી.

# બોરીજ ગામના તમામ રહીશોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

## ગામતળની જમીનમાં વર્ષોથી રહેતા ગ્રામજનોને નોટીસ મળી હતી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં મંત્રી નિવાસની પાસે આવેલા બોરીજ ગામની સરકારી જમીન પર ઉભી થયેલી ગેરકાયદેસર વસાહત પર તંત્ર દ્વારા ડીમોલેશનની કાર્યવાહી



કરવામાં આવી છે. જેને પગલે સમગ્ર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં હડકંપ મચી જવા પામ્યો છે. ત્યારે બોરીજ ગામની ગામતળની જમીનમાં વર્ષોથી વસવાટ કરતા કેટલાક ગ્રામજનોને દબાણ અંગેની નોટીસ મળતા તેઓ આજે સવારે અક્ષરધામ પાસે મોટીસંખ્યામાં એકઠા થયા હતા અને મુખ્યમંત્રીને મળવા માટે સમય માંગ્યો હતો. પરંતુ સીએમ કાર્યાલયથી સમય ન મળતા તેઓ મુખ્યમંત્રીને મળી શક્યા નથી. જયારે ગ્રામવાસીઓ મોટીસંખ્યામાં એકત્ર થતા બનાવની જગ્યાએ પોલીસ પણ દોડી આવી હતી. જયારે ગ્રામજનોને પોલીસની સમજાવટ બાદ મામલતદારને આવેદન પત્ર પાઠવી પોતાની રજુઆત કરી હતી અને આ અંગે યોગ્ય કરવા મામલતદારે હૈયાધારણા આપી હતી.

શનિવારના રોજ બોરીજમાં ભારે મોટાભાગનું દબાણ દુર કરતા હોહા મચી જવા પામી છે. ઘરમાંથી કેટલાક નાગરીકો માર્ગ પર આવી ગયા છે. ગેરકાયદેસર જમીન પણ લાખો રૂપીયામાં ખરીદીને ઘર બનાવીને રહેતા મકાન પર તંત્રનું જેસીબી મશીન ફરી વળીને જમીનદોસ્ત કરી દેતા નાગરીકો હેરાન પરેશાન છે.તો બીજીતરફ મુળ બોરીજ ગામના કેટલાક ગ્રામજનોને પણ દબાણ અંગેની નોટીસ મળી હતી. ગામતળની જમીનમાં ઘર હોવા છતા નોટીસ મળતા અચાનક નાગરીકો અચંબામાં પડી ગયા હતા. અને અક્ષરધામ પાસે એકઠા થઈને મુખ્યમંત્રીને મળવા જવાની વાત કરી હતી. ત્યારે ગ્રામજનોએ સીએમ પાસે મુલાકાતનો સમય માંગ્યો હતો પરંતુ મુલાકાત ન મળતા નાગરીકો વધુ એકઠા થઈ રહ્યા હતા. જયારે પોલીસ તંત્રના અધિકારીઓ દોડી આવ્યા હતા તેઓને ગ્રામજનોએ વાત રજુ કરી હતી. મામલતદાર સ્થળ પર જઈને ગ્રામજનોનું આવેદન પત્ર સ્વીકારી લીધુ હતું.



## ગ્રીષ્મની પહેલી પુસ્તક પરબમાં વાચકોનો હુંફાળો ઉમળકો

ગ્રીષ્મ ઋતુની પહેલી પુસ્તક પરબમાં આજે વાચકોનો અત્યંત હુંફાળો ઉમળકો અનુભવાયો હતો. આજે પુસ્તક પરબમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર તથા 'વાંચે ગુજરાત'ના પ્રણેતા એવા હર્ષદભાઈ શાહે મુલાકાત લઈ પુસ્તક પરબની પ્રવૃત્તિને બિરદાવી હતી. આ ઉપરાંત ગાંધીનગરની અનેક સંસ્થાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વરિષ્ઠ નાગરિક કિશોરભાઈ દવે અને નિવૃત્ત આઈએએસ અધિકારી એચ.આર. સુથારનુ સુખદ સાનિધ્ય પણ પુસ્તક પરબને પ્રાપ્ત થયું હતું.

માતૃભાષા અભિયાન અંતર્ગત ગાંધીનગરમાં આત્મન ફાઉન્ડેશન દ્વારા દર માસના પ્રથમ રવિવારે ઘ-૪ સર્કલે સવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. પુસ્તક પરબમાં વાંચનપ્રેમી નાગરિકો પોતે ગમતા પુસ્તકો-સામયિકો વિનામૂલ્યે પ્રાપ્ત કરે છે તેમજ પોતાની પાસેના પુસ્તકો-સામયિકોની ભેટ પણ આપી શકે છે. આજે મે માસના પ્રથમ રવિવારે યોજાયેલી પુસ્તક પરબમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટી પડ્યાં હતા જેમાંથી ૧૬૩ જેટલા મુલાકાતીઓએ પુસ્તકોની લેવડ-દેવડ કરી હતી. આજે પુસ્તક પરબને ૫૩૪ પુસ્તકો તથા ૩૩૫ સામયિકો મળીને કુલ ૮૬૯ ની આવક થઈ હતી તેની સામે ૨૩૫ પુસ્તકો અને ૨૨૬ સામયિકો મળીને કુલ ૪૬૧ ની જાવક નોંધાઈ હતી. સમગ્ર પુસ્તક પરબના સુચારૂ આયોજન માટે સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

# પાકા મકાનો બની ગયા ત્યાં સુધી તંત્ર કોની રાહ જોતુ હતુ...

## સરકારી જમીન પર વર્ષો સુધી દબાણ થાય છે, પાકા મકાનો ચણાય છે, વીજ-પાણી-ગેસના કનેક્શન મેળવાય છે ત્યાં સુધી તંત્ર શુ કુંભકર્ણની નિંદ્રામાં હતુ... અચાનક જ દબાણો યાદ આવ્યા અને તંત્ર બુલડોઝર લઈ નીકળી પડ્યુ

ગાંધીનગર, તા. ૬

બોરીજમાં તંત્ર દ્વારા દબાણો હટાવવા મેગા ઓપરેશન થયુ. સરાહનીય પગલુ છે પરંતુ તંત્ર સામે સવાલ એ ઉભો થાય છે કે અહીં



તો છેલ્લા બે દાયકાથી દબાણ થયેલુ હતુ. પાકા મકાનો બાંધી દેવાયા, વીજ નળ અને ગેસના કનેક્શન સુદ્ધા આપી દેવાયા ત્યાં સુધી તંત્રને આ દબાણો કેમ નજરે ન ચઢ્યા અને કેમ અચાનક જ ગરીબો-શ્રમિકોનો આશરો છીનવી લેવાયો તે સમજાતુ નથી.

અક્ષરધામને અડીને આવેલા બોરીજ ગામમાં તંત્રએ રીતસર સપાટો બોલાવી દીધો. ૬૦ જેટલા પાકા મકાનો પર જેસીબી ફરી વળ્યા. તંત્રએ પાકા મકાનોના દબાણો હટાવી અહીંના રહેવાસીઓને રસ્તા પર લાવી દીધા. સરકારી જમીન પર દબાણો થવા ન જ જોઈએ. કરોડોની કિંમતની સરકારી જમીન કોઈ પચાવી પાડે તે કેવી રીતે ચલાવી લેવાય. દબાણો હટાવવા તે તંત્રની જવાબદારી છે. સારૂ કામ થયુ છે, પરંતુ અહી સવાલ માત્ર એટલો જ છે કે સરકારીતંત્ર કેમ હંમેશા ઘોડા છુટી ગયા પછી તબેલાઓને તાળાં મારવા દોડે છે. બોરીજ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં વર્ષોથી દબાણો થયા છે. પાકા મકાનો, શોપીંગ કોમ્પલેક્ષ સુદ્ધા અહી બની ગયા છે. છેલ્લા બે દાયકાથી આ પ્રવૃત્તિ ફુલીફાલી રહી છે. ભૂમાફિયાઓએ જમીનો પર કબ્જો જમાવી વર્ષોથી અહીં દબાણો કરી કાળી કમાણી કરી લીધી છે. દબાણો તો અહી વર્ષોથી થઈ રહ્યા છે.

**સમયસર**

છેલ્લા ઘણા વર્ષોથી અનેક પરિવારો વસવાટ કરે છે. તંત્રની મીલીભગતથી જ આટઆટલા દબાણો થઈ શકે છે તેનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. સરકારી તંત્રને કેમ અત્યાર સુધી દબાણો દેખાયા જ નહી. પાકા મકાનો બંધાઈ જાય, તમામ સુવિધાઓ ઉભી થઈ જાય



ત્યાં સુધી તંત્રએ કેમ રાહ જોઈ ? ઉનાળો ખૂબ જ આકરો થયો છે ત્યારે દબાણો હટાવાયા છે તે ગરીબોના ઘરમાં પણ નાના બાળકો છે, પ્રસૂતા મહિલાઓ છે, વૃદ્ધો છે. આ બધા જ આવી ગરમીમાં ક્યાં જશે તેનો વિચાર તંત્રએ કર્યો નહી હોય. ભર ઉનાળે દબાણો હટાવવાના બદલે અન્ય સિઝનમાં દબાણો ન હટાવાય..! શુ આટલી પણ માનવીય સંવેદના તંત્ર પાસે નથી..! સરકારી તંત્ર કેમ દર વખતે જડ બની રહે છે... દબાણ કરનારાઓનો દોષ છે પરંતુ આ દબાણ થયુ ત્યાં સુધી બેધ્યાન રહેનારૂ તંત્ર શુ આ બાબતે જવાબદેહ નથી. ગરીબો-વંચિતો માટે મકાન બનાવવાની અનેક સરકારી યોજનાઓ હોવા છતાં ગરીબોને શ્રમિકોને કેમ ઘરનુ ઘર મળતુ નથી અને તેઓ આ રીતે સરકારી જમીન પર ઝુંપડા બનાવવા પડે છે તે પ્રશ્નનો ઉત્તર કોઈ પાસેથી મળશે..?

# સિક્કીમના CM ચામલિંગના શાસનનો રેકોર્ડ : શરીર ભલે વૃદ્ધ હોય, મારૂં મગજ જવાન છે

ભારતમાં કોઈ પાર્ટીની સરકાર વર્ષો સુધી શાસન કરી શકે છે પરંતુ તેના મુખ્યમંત્રી બદલતા રહે છે. જાણીને આશ્ચર્ય થશે કે સિક્કીમના મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગ એ લગાતાર ૨૩ વર્ષનું શાસન આપ્યું છે. સિક્કીમ ડેમોક્રેટીક ફ્રન્ટના તેઓ નેતા છે. ૧૯૯૪માં તેઓ સત્તામાં આવ્યા હતા. તેમની હાલની ઉંમર ૬૭ વર્ષની છે. પશ્ચિમ બંગાળના તત્કાલિન મુખ્યમંત્રી જ્યોતિ બસુ ૧૯૭૭ થી ૨૦૦૦ સુધી મુખ્યમંત્રી રહી ચૂક્યાં છે અને સૌથી વધુ શાસન કરવાનો તેમનો રેકોર્ડ હતો જે સિક્કીમના મુખ્યમંત્રીએ તોડી નાંખ્યો છે. જ્યોતિ બસુ પાંચમી ટર્મ એટલે કે શાસનની સિલ્વર જ્યુબિલી કરી શક્યા હોત પરંતુ નાદુરસ્ત તબિયતના કારણે તેમણે હોદ્દો છોડીને બુદ્ધદેવ ભટ્ટાચાર્યને આપી દીધો હતો. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી સતત ૧૨ વર્ષ સુધી રહ્યાં છે. ગુજરાતમાં તેમનો આ રેકોર્ડ છે અને તે હાલમાં કોઈ તોડી શકે તેમ નથી. પવન ચામલિંગે પોતાનો પાંચમો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. તેમણે આ સિદ્ધિ મેળવ્યા પછી કહ્યું હતું કે હું પશ્ચિમબંગાળના મુખ્યમંત્રી જ્યોતિ બસુને નમન કરૂં છું. તેઓ એક મહાન રાજનેતા હતા. મારૂં શરીર ભલે વૃદ્ધ થઈ ગયું હોય પરંતુ મારૂં મગજ હજી જવાન છે.

**● ગુજરાતના મેટ્રોરેલના પ્રોજેક્ટમાં શ્રીધરન જોઇશે...**

ભારતમાં ૧૦ મેટ્રોરેલ હાલના તબક્કે ઓપરેશન બની છે જેમાં કોલકત્તા, દિલ્હી, નમ્મા, ગુરગાવ, મુંબઇ, જયપુર, ચેન્નાઇ, કોચી. લખનૌ અને હૈદરાબાદનો સમાવેશ થાય છે. અમદાવાદ સહિત નાગપુર, નોઈડા, નવી મુંબઈ અને પૂને મેટ્રોરેલ ઓનગોઇંગ છે. આશ્ચર્યની બાબત એવી છે કે અમદાવાદ મેટ્રોનું ઉદઘાટન જાન્યુઆરી ૨૦૧૮માં થવાનું હતું પરંતુ આ ડેઈટ પાછી ઠેલાઈ છે. ભારતમાં બીજી ૧૬ મેટ્રોરેલનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેમાં સુરતનો સમાવેશ કરવામાં આવેલો છે. બીજી ચાર મેટ્રો માટે પ્રપોઝ કરવામાં આવેલું છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલ શરૂ કરવાની યોજના ૨૦૦૩માં શરૂ કરવામાં આવી હતી પરંતુ વિલંબ થતાં વર્ષો નિકળી ગયા છે. એ સમયે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મેટ્રોની જગ્યાએ બીઆરટીએસનો નિર્ણય કર્યો છે તે સરવાળે મોંઘો અને કષ્ટદાયક સાબિત થયો છે. અમદાવાદની મેટ્રોરેલનો પ્રોજેક્ટ અક્ષમ્ય વિલંબથી ચાલી રહ્યો છે. ગુજરાત સરકારે જાહેરાત કરી હતી કે વિધાનસભાની ચૂંટણી પહેલાં છ કિલોમીટરનો રૂટ શરૂ થઈ જશે પરંતુ હવે તે ૨૦૧૯ના વર્ષમાં શરૂ થાય તેવું લાગી રહ્યું છે. આ સંજોગોમાં ગુજરાતને શ્રીધરન જેવા મેટ્રોમેનની આવશ્યકતા છે કે જેમણે દિલ્હી મેટ્રોરેલનું નિર્માણ કરાવીને ભારતને ગૌરવ અપાવ્યું છે.

**● પાણી માટે ચાર વખત વચન અપાઇ ચૂક્યાં છે...**

ગુજરાતમાં ભાજપની સરકાર દ્વારા જળસંચય અભિયાનની શરૂઆત ૧૯૯૮માં શરૂ કરવામાં આવી હતી. આ સમયે કેશુભાઇ પટેલનું શાસન હતું. તેમણે પાણી માટે નર્મદા યોજનાની કેનાલો તેમજ ખેતતલાવડી અને ચેકડેમનું નિર્માણકાર્ય શરૂ કરાવ્યું હતું. આજે પણ આ કામ ચાલી રહ્યું છે. વરસાદી પાણીનો સંગ્રહ કરવા પાણીની નવા સ્ત્રોત ઉભા કરવાનું કામ છેલ્લા ૨૦ વર્ષથી ચાલે છે. આપણા શાસકોએ નર્મદા કેલાલોનું કામ થયા પછી એવું કહ્યું હતું કે આપણે દુષ્કાળને દેશવટો આપી દીધો છે. ઉત્તર ગુજરાતની સુજલામ સુફલામ યોજના પછી તેમજ સૌરાષ્ટ્રની સૌની યોજના પછી પણ એવું કમિટમેન્ટ કર્યું હતુ કે ગુજરાતને પાણીની તંગી ક્યારેય નહીં પડે. આવું જ વચન જ્યારે નર્મદા ડેમ પૂર્ણ થયો ત્યારે કરવામાં આવ્યું હતું. હવે ફરી એકવાર ભાજપની સરકારે કહ્યું છે કે જળસંચય અભિયાનના કારણે આપણે દુષ્કાળને દેશવટો આપી શકીશું. આ અભિયાન હેઠળ સરકારે ચેકડેમ અને તળાવો ઉંડા કરવાની પ્રવૃત્તિ શરૂ કરી છે પરંતુ નક્કર વાસ્તવિકતા એ છે કે સરકારના વચનો ઠાલાં નિવડ્યાં છે. લોકોને પાણી નસીબ નથી. સરકારે એવું પણ નક્કી કર્યું હતું કે કોઈપણ ઈમારત બને ત્યારે પહેલું કામ જળસંચયનું કરવું ફરજીયાત છે પરંતુ અહીં તો ઈમારતો બને છે પરંતુ જળસંચય થતું નથી. કોઈપણ બિલ્ડર રિસાજલ્લગ વેલ બનાવતો નથી. આને કહેવાય- 'વચનેસુ કિમ દરિદ્રતા'પ

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

**● ગાડી ક્યાં પાર્ક કરવી તે આજની મોટી સમસ્યા...**

ગુજરાતમાં નવી ઈમારતોનું નિર્માણ થાય છે પરંતુ તેમાં બેઝમેન્ટનો કાયદો હોવા છતાં બનાવવામાં આવતા નથી અને જો કાયદા પ્રમાણે બનાવ્યા હશે તો તેમાં કોમર્શિયલ પ્રવૃત્તિ ચાલુ રહી છે અને વાહનો બહાર રોડપર પાર્ક કરવામાં આવી રહ્યાં છે. સરકારના કઠોર કાયદા માત્ર ટેક્સિસ ઉઘરાવવામાં છે પરંતુ સરકાર પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવી શકતી નથી. ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગે એવો આદેશ કરવો જોઈએ કે જે કોમર્શિયલ તેમજ રેસિડેન્શિયલ ઈમારતોમાં પાર્કિંગની સુવિધા છે તેમણે તેમના પાર્કિંગ ખાલી કરીને વાહનોના પાર્કિંગ માટે અનામત કરી દેવા જોઈએ. એવી જ રીતે જેમની પાસે પાર્કિંગ નથી તેમને ફરજીયાત પાર્કિંગનો આદેશ કરી નિયમબદ્ધના કડક પગલાં લેવા જોઈએ. ગુજરાતમાં માત્ર અમદાવાદ જેવા મોટા શહેરમાં પાર્કિંગની સમસ્યા છે તેવું નથી. રાજ્યના નાના શહેરોમાં પણ પાર્કિંગનો ઈસ્યુ વિકરાળ સ્વરૂપ ધારણ કરતો જાય છે. સરકારે અત્યારે ચેતી જવાની જરૂર છે અન્યથા શહેરોમાં કોઈપણ વ્યક્તિ વાહન ચલાવી શકશે નહીં.

**● વૈશ્વિક જાહેર દેવું ભીષણ મંદી લાવી શકે તેમ છે...**

જાણીને નવાઈ લાગશે કે વિશ્વના દેશોનું દેવું વધીને ૧૬૪ ટ્રિલિયન ડોલર એટલે કે ૧૬૪ લાખ કરોડ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. જો આ દેવાને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરીએ તો તેની રકમ ૧૦૬૬૦ લાખ કરોડ રૂપિયા થાય છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ — આઈએમએફ એ ચેતવણી આપી છે કે દેવાંનો આ ટ્રેન્ડ એટલો ખતરનાક છે કે બધાં દેશોની નાણાકીય સ્થિતિ વધારે લથડશે અને દેવું ભરવાની મુશ્કેલી ઉભી થશે. દુનિયા ભીષણ મંદીમાં આવી શકે છે. ભારતના જાહેર દેવાંના આંકડા પણ ચોંકાવનારા છે. ભારતમાં ૨૦૧૮ની સ્થિતિએ ૧૯૧૮.૮૨ બિલિયન યુએસ ડોલરનું દેવું છે જે ૨૦૧૯માં ૨૦૯૬.૧૩ બિલિયન યુએસ ડોલર અને ૨૦૨૨ સુધીમાં ૨૭૩૪.૬૫ બિલિયન યુએસ ડોલર થઈ શકે તેવું અનુમાન છે. એકલા ગુજરાત સરકારના આંકડા જોઈએ તો આ વર્ષના અંતે એટલે કે માર્ચ ૨૦૧૯ સુધીમાં રાજ્યનું જાહેર દેવું ૩ લાખ કરોડને પાર હશે, જે અત્યારે ૨૩૮૭૦૨ કરોડ છે.

**● આપણાં ધારાસભ્યો બિચારા-બાપડાં બની ગયા છે...**

ઉતર્યો અમલદાર કોડી નો... એ ઉક્તિ ઓફિસરોને લાગુ પડે છે તેમ રાજનેતાઓને પણ લાગુ પડતી હોય છે. ગુજરાતના ભૂતપૂર્વ ધારાસભ્યોની હાલત જોઈએ તેટલી સારી નથી. જે લોકો આર્થિક રીતે સમૃદ્ધ હતા તેમને અને તેમના પરિવારને મુશ્કેલી નથી પરંતુ જેમણે માત્ર રાજનીતિને જ વિષય બનાવ્યો હતો અને ગુજરાતની સાચી સેવા કરી છે તેમને પરિવારના ભરણપોષણની ચિંતા સતાવે છે. રાજ્યમાં હાલની સ્થિતિએ ૧૨૦૦ જેટલા ભૂતપૂર્વ ધારાસભ્યો છે તેમને અત્યારે સરકાર કોઈ આર્થિક મદદ કરતી નથી તેવો દાવો તેઓએ કર્યો છે. આપણે ભારતમાં લોકસભાના ભૂતપૂર્વ સભ્યોને પેન્શન આપવામાં આવે છે પરંતુ ધારાસભ્યોને તે મળતું નથી તેથી ગુજરાતના ભૂતપૂર્વ ધારાસભ્યો પેન્શનના લાભ પણ માગી રહ્યાં છે. એક્સ એમએલએ કાઉન્સિલના અધ્યક્ષ હાલ બાબુભાઈ મેઘજી શાહ છે તેમણે ગુજરાત સરકાર પાસે કાઉન્સિલના સભ્યો માટે ૧૦ હજારનું પેન્શન તેમજ રેલ્વેમાં મફત મુસાફરી કરી આપવાની માગણી કરી છે. આ પહેલાં ગુજરાતમાં કાઉન્સિલના અધ્યક્ષ જ્યારે શંકરલાલ ગુરૂ હતા ત્યારે તેઓ તેમના સભ્યો માટે સતત લડતા હતા અને હવે આ સ્થાન બાબુભાઈ શાહે લીધું છે કે જેઓ ગુજરાતના નાણામંત્રી પણ રહી ચૂક્યાં છે. સરકારે સર્વે કરીને આર્થિક રીતે નબળાં ભૂતપૂર્વ ધારાસભ્યોને આર્થિક અને સામાજીક મદદ કરવી જોઈએ તેવું કાઉન્સિલ માને છે.

**● લેબલ ગુડગવર્નન્સનું પણ અમલ બેડ ગવર્નન્સનો છે...**

સચિવાલયમાં કામ લઈને આવતા મુલાકાતીઓની આપવિતિ સાંભળીએ આપણને સરકારની નિષ્ઠા પર ભરોસો રહેતો નથી. કોઈપણ વ્યક્તિ કામ લઈને આવે તો તેના માટે ત્રણ માર્ગો છે. એક હા, બીજું ના, ત્રીજું ચર્ચા પછી નિર્ણય. હાલ સરકારમાં આ ત્રણેય રસમોનું પાલન થતું નથી. મંત્રીશ્રી બહાર ગયા છે. અધિકારી સાહેબ મિટીંગમાં વ્યસ્ત છે. પછી આવજો... એવું કહી દેવામાં આવે છે પરંતુ તે મુલાકાતી ૨૦૦ થી ૪૦૦ કિલોમીટર દૂરથી આવે છે તેને સાંભળવાની તસદી લેવાતી નથી. કર્મયોગી અધિકારીઓ અરજદારની ફાઈલની ટ્રેકિંગ સિસ્ટમની વિગતો પણ આપતા નથી. ઉત્તરાખંડ જેવા રાજયમાં કામ લઈને આવેલા મુલાકાતીની ફાઈલ ક્યારે ક્યાં પહોંચી તેની જાણકારી મળે છે. મોટા ભાગના કેસોમાં હંમેશા એવું કહેવાય છે કે ફાઈલ મૂકી રાખો... હમણાં રહેવા દો... જો આવી જ માનસિકતા હોય તો લોકોના કામો ક્યાંથી થવાના છે તે મોટો પ્રશ્ન છે. ગુડ ગવર્નન્સની આ નિશાની નથી. વહીવટમાં ગુજરાત કરતાં અન્ય રાજ્યો ખૂબ આગળ નીકળી ગયાં છે. સરકારે અરજદારના કામ માટેની સમય મર્યાદા બાંધી છે છતાં તેનું પાલન થતું નથી. આ સ્થિતિ માટે સચિવાલયનું વહીવટી તંત્ર એકલું જવાબદાર નથી. સચિવાલયમાંથી છૂટેલા આદેશનું મહિનાઓ સુધી જિલ્લા વહીવટી તંત્ર પાલન કરતા હોતા નથી. ભ્રષ્ટાચારનો સૌથી મોટો ભય જિલ્લાના વહીવટી તંત્રમાં જોવા મળે છે. એન્ટી કરપ્શન બ્યૂરોની એવરેજ છે કે રોજનો એક કેસ તેઓ કરે છે.

**● બદલીઓ ઘોંચમાં પડી...**

સરકારના વહીવટી તંત્રમાં સિનિયર આઈએએસ ઓફિસરો તેમજ પોલીસ વિભાગના અધિકારીઓની બદલીઓની પ્રક્રિયા ઘોંચમાં પડી હોવાના અહેવાલ છે. સરકારના મહત્વના વિભાગોમાં ક્યા ઓફિસરને મૂકવા તેનો નિર્ણય ગાંધીનગર લેવલે થઈ શકતો નહીં હોવાનું જણાય છે તેથી કેન્દ્રનું માર્ગદર્શન માગવામાં આવ્યું હોઈ શકે છે અથવા તો જળસંચય અભિયાનમાં વ્યસ્ત સરકારને ટાઈમ મળતો નથી. જ્યારે બદલીઓ આવશે ત્યારે તેની કુલ સંખ્યા ૭૦ને ક્રોસ કરી જાય તો નવાઈ નહીં.